ચારૂતર વિદ્યામંડળ સંચાલિત

# એસ. એમ. પટેલ કોલેજ ઓફ હોમ સાયન્સ, વલ્લભ વિદ્યાનગર-388120, જી. આણંદ

**Website: smphomescience.edu.in**

ચારૂતર વિદ્યામંડળ સંચાલિત એસ. એમ. પટેલ કોલેજ ઓફ હોમ સાયન્સ, વલ્લભ વિદ્યાનગર-388120, જી. આણંદને ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર દ્વારા તા. 08/12/2023ના રોજથી મળેલ લેબ આસીસ્ટન્ટની એન.ઓ.સી. અન્વયે નીચે મુજબની કેટેગરીના ઉમેદવારો પાસેથી અરજીઓ યોગ્યતાના આધારોની સ્વયંપ્રમાણિત નકલો સાથે જાહેરાત પ્રસિધ્ધ થયેથી કોલેજના આચાર્યશ્રીને કોલેજના સરનામે રજીસ્ટર પોસ્ટ એ.ડી.થી દિન–૧૫ માં રજુ કરવા જણાવવામાં આવે છે.

**૧. સંવર્ગવાર જગ્યાની વિગતો :**

| ક્રમ | સંવર્ગની જગ્યા | કેટેગરી | જગ્યા | વિષય |
|---|---|---|---|---|
| 1 | લેબ. આસીસ્ટન્ટ | બિન અનામત | 1 | ફુડ એન્ડ ન્યુટ્રીશન |
| 2 | | એસ. ટી. | 1 | ટેક્ષટાઈલ એન્ડ ક્લોથીંગ / હ્યુમન ડેવલપમેન્ટ / ફેમીલી રીસોર્સ મેનેજમેન્ટ |

**૨. શૈક્ષણિક લાયકાત અને વયમર્યાદા:**

- A Bachelor's degree in Respective subject obtained from any of the Universities established or incorporated by or under the central or a State Act in India, or any other educational institution recognized as such or declared to be deemed as a University under section 3 of the University Grants Commission Act, 1956.
- ઉમેદવાર રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૩/૦૮/૨૦૦૮ તેમજ તા. ૧૮/૦૩/૨૦૧૬ ના સરકારી ઠરાવ નંબર :- સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ.૫ થી નક્કી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝિક નોલેજ ધરાવતા હોવા અંગેનું કોઈપણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઈશે અથવા સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈપણ ડિપ્લોમા / ડિગ્રી કે સર્ટીફિકેટ કોર્ષ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડિગ્રી કે ડિપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ – 10 અથવા ધોરણ – 12ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પસાર કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈશે.
- ઉમેદવાર ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈએ.
- ઉમેદવારે નિયત શૈક્ષણિક લાયકાત માન્ય યુનિવર્સિટી/સંસ્થામાંથી મેળવેલ હોવી જોઈએ. ઉમેદવારે પ્રમાણપત્ર/દસ્તાવેજો ચકાસણી સમયે માન્ય યુનિવર્સિટી/સંસ્થાના દરેક વર્ષ/સેમેસ્ટરના ગુણ પત્રક અને પદવી પ્રમાણપત્રો અરજી સાથે અચુક સામેલ કરવાના રહેશે તેમજ જરૂર પડયે અસલમાં રજુ કરવાના રહેશે.

S. M. College of Home Science V.V. NAGAR

CHARUTAR VIDYAMANDAL Ta. Anand Vallabh Vidyanagar

> ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલ લાયકાતના પ્રમાણપત્રોની માન્યતા તેમજ સંબંધિત યુનિવર્સિટી/સંસ્થાની માન્યતા તેમજ સંબંધિત અભ્યાસક્રમની માન્યતા બાબતે ભવિષ્યમાં કોઈ પ્રશ્ન ઉપસ્થિત થશે ત્યારે સંચાલક મંડળ/નિમણુંક સત્તાધિકારીનો નિર્ણય આખરી ગણાશે.

> આ જાહેરાતના હેતુ માટે મહત્તમ વયમર્યાદા ભરતી નિયમ મુજબ ૩૫ વર્ષ નક્કી કરવામાં આવેલ છે.

**શૈક્ષણિક લાયકાત/વયમર્યાદા/વધારાની લાયકાત માટે નિર્ધારીત તારીખ :**

> જાહેરાતમાં દર્શાવેલ તમામ સંવર્ગના ઉમેદવારોનાં કિસ્સામાં શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા, અનુભવ, નોન ક્રીમીલેયર સર્ટી અને અન્ય જરૂરી લાયકાત માટે તારીખ 24/02/2024 ની સ્થિતિને ધ્યાનમાં લેવામાં આવશે.

**વયમર્યાદા માટે છુટછાટ :**

> મૂળ ગુજરાતના હોય તેવા અનામત કેટેગરીના ઉમેદવારો તથા તમામ મહિલા, ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં નિયમોનુસાર નીચે મુજબ છૂટછાટ આપવામાં આવશે.

| કેટેગરી | છુટછાટ | મહત્તમ વયમર્યાદા |
|---|---|---|
| સમાન્ય કેટેગરીના મહિલા ઉમેદવારોને | ૫ વર્ષ | (મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| અનામત કેટેગરીના પુરૂષ ઉમેદવારોને | ૫ વર્ષ | (મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં) |
| અનામત કેટેગરીના મહિલા ઉમેદવારોને (૫+૫=૧૦) | ૧૦ વર્ષ | (મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં) |

> અનામત વર્ગના ઉમેદવારો જો બિનઅનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વય મર્યાદામાં છૂટછાટ મળશે નહીં.

**ઈ.ડબલ્યુ.એસ અને સમાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ :**

> મૂળ ગુજરાતના ઈ.ડબલ્યુ.એસ અને સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવારો તરીકે લાભ મળશે.

> ઈ.ડબલ્યુ.એસ અને સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ પૈકી ઉમેદવાર જે વર્ગના હોય તેની વિગતો અરજીપત્રકમાં અચૂક આપવાની રહેશે.

> અનામતવર્ગના ઉમેદવારોએ જાતિ અંગેનું પ્રમાણપત્ર ગુજરાત સરકાર દ્વારા વખતો વખત નિયત કરેલ નમૂનામાં મેળવેલ હોવું જોઈશે તથા અરજી સાથે સામેલ કરવાનું રહેશે અને તેમ કરવામાં ઉમેદવાર જો નિષ્ફળ જશે તો ઉમેદવારી "રદ" થવાને પાત્ર થશે.

> સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ(SEBC કેટેગરી)ના ઉમેદવારોએ નોન-ક્રીમિલેયર સર્ટીફીકેટની મહત્તમ અવધિ ઈશ્યૂ થયા વર્ષ સહિત ત્રણ નાણાંકીય વર્ષની રહેશે.

V.V. NAGAR College of Home Science

CHARUTAR VIDYAMANDAL Vallabh Vidyanagar Ta. Anand

❖ <u>સુચનાઓ :</u>

➢ એન.ઓ.સી.ની શરત મુજબ આ જગ્યા પાંચ વર્ષ માટે ફિક્સ પગારની રહેશે. પાંચ વર્ષ પુર્ણ થયે કામગીરીની સમીક્ષા કર્યાબાદ મંજુર થયેલ લઘુત્તમ પગાર ધોરણમાં નિમણૂંક આપવામાં આવશે.

➢ પ્રથમ પાંચ વર્ષ દરમ્યાન કોઈ ભથ્થા તેમજ તેના આનુસંગિક કે અન્ય કોઈ લાભો મળવાપાત્ર રહેશે નહિ.

➢ હાલમાં નોકરી કરતા ઉમેદવારોએ પોતાની સંસ્થાના વડા મારફત એન.ઓ.સી. પ્રમાણપત્ર સાથે અરજી કરવાની રહેશે.

➢ નિમણૂંક પામનાર ઉમેદવારને ઉપર દર્શાવ્યા મુજબ તા. ૦૮/૧૨/૨૦૨૩ થી મળેલ એન.ઓ.સી.ના પત્ર ક્રમાંક: કવટ/ISC3/એન.ઓ.સી./2023-24/24528-32ની તમામ શરતો બંધનકર્તા રહેશે.

➢ અધુરી કે આધારો વગરની અરજીઓ તેમજ નિયત સમય મર્યાદા બાદ આવેલ અરજીઓ આપોઆપ રદ ગણાશે.

➢ ભરતી અંગેની જરૂરી સુચનાઓ ઉપરોક્ત વેબસાઈટ પર પ્રસિધ્ધ કરવામાં આવશે. જેથી દરેક ઉમેદવારોએ સમયાંતરે વેબસાઈટ જોતા રહેવું.

<u>પરીક્ષા પદ્ધતિ :</u>

❖ **તબક્કો – 1 લેખિત પરીક્ષા**

| ક્રમ | વિષય | ગુણ | સમયગાળો |
|---|---|---|---|
| 1 | સામાન્ય જ્ઞાન – ગુજરાતનો ઈતિહાસ, ભૂગોળ અને સંસ્કૃતિ, ભારતનું બંધારણ, રમતગમત, સામાન્ય વિજ્ઞાન, વર્તમાન પ્રવાહો, કોમ્પયુટરને લગતું સામાન્ય જ્ઞાન, ટેસ્ટ ઓફ રીઝનીંગ, પર્યાવરણ, જાહેર વહીવટ, સરકારી યોજનાઓ, પંચાયતી રાજ અને ડીઝાસ્ટર મેનેજમેન્ટ, ગાણિતિક કસોટીઓ વગેરે | 30 | 120 મીનીટ |
| 2 | ગુજરાતી સાહિત્ય, ગુજરાતી વ્યાકરણ | 20 | |
| 3 | અંગ્રેજી વ્યાકરણ | 10 | |
| 4 | જગ્યાની શૈક્ષણિક લાયકાતને સંબંધિક વિષયનું પેપર | 90 | |
| | કુલ ગુણ | 150 | |

➢ પરીક્ષા Multiple Choice Question (MCQ) પદ્ધતિની રહેશે.

➢ દરેક પ્રશ્નનો 01 (એક) ગુણ રહેશે.

➢ ખોટા જવાબ દીઠ, છેકછાકવાળા જવાબદીઠ કે એક કરતા વધુ વિકલ્પ પસંદ કરેલા જવાબદીઠ મેળવેલ

S. M. Patel College of Home Science V.V. NAGAR

CHARUTAR VIDYAMANDAL Vallabh Vidyanagar Ta. Anand

ગુણમાંથી 0.25 ગુણ કમી કરવામાં આવશે, નેગેટીવ માર્કીંગ લાગુ પડશે.

- પ્રશ્નના આપેલ બધા વિકલ્પોમાંથી કોઈ પણ વિકલ્પ પસંદ નહીં કરવામાં આવે તો, નેગેટીવ માર્કીંગ લાગુ પડશે નહીં.
- પરીક્ષા નિયમોની જોગવાઈ મુજબ, કોઈપણ સંજોગોમાં અનામત કેટેગરી સહિતની તમામ કેટેગરીના ઉમેદવારો માટે લઘુત્તમ લાયકી ધોરણ, દરેક કસોટી માટે કુલ ગુણના 40% ગુણ રહેશે. લેખિત કસોટીમાં મેરીટના ધોરણે ઉત્તિર્ણ થનાર ઉમેદવારો પૈકી કુલ ખાલી જગાઓની સંખ્યાના કેટેગરીવાર 3 (ત્રણ) ગણા ઉમેદવારોને કોમ્પયુટર પ્રોફીસીયન્સી (કાર્યક્ષમતા) કસોટી માટે બોલાવવામાં આવશે.

### ❖ તબક્કો -2 **Computer Proficiency Test**

| ક્રમ | વિષય | ગુણ | સમયગાળો |
|---|---|---|---|
| 1 | એકસેલ સ્પ્રેડશીટ | 15 | 60 મીનીટ |
| 2 | ઈ-મેઈલ કરવા (વીથ ફાઈલ એટેચમેન્ટ) | 15 | |
| 3 | પાવર પોઈન્ટ | 15 | |
| 4 | વર્ડ ટાઈપીંગ/વર્ડ ફોર્મેટીંગ (અંગ્રેજી તથા ગુજરાતી) | 30 | |
| | કુલ ગુણ | 75 | |

- ઉમેદવારોએ ઉક્ત પ્રથમ તબક્કા ભાગ–1ની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા અને બીજા તબક્કા ભાગ-2ની કોમ્પયુટર પ્રોફીસીયન્સી ટેસ્ટ – એમ બંને કસોટીમાં મેળવેલ સંયુક્ત ગુણના મેરીટસના આધારે કેટેગરી વાઈઝ ભરવાની થતી જગાની વિગતો ધ્યાને લઈ પસંદગી/પ્રતિક્ષા યાદી તૈયાર કરવામાં આવશે.
- ભરતી અંગેની જરૂરી સુચનાઓ ઉપરોક્ત વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવામાં આવશે. જેથી દરેક ઉમેદવારોએ સમયાંતરે વેબસાઈટ જોતા રહેવું.

માનદ મંત્રીશ્રી

તા. 08/02/2024